## તા. ૨૯મી સપ્ટેમ્બર– ૨૦૧૭ ના રોજ સવારે ૧૧.૩૦ કલાકે કચ્છ યુનિવર્સિટી કાર્યાલય ખાતે મળેલ એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની મિનિટસ નોંધ

આજ રોજ તારીખ ૨૯મી સપ્ટેમ્બર–૨૦૧૭ ના રોજ શુક્રવારે સવારે ૧૧.૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલય ખાતે એક્ઝિક્યુટીવ કાઉન્સીલની સભા માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ, આ સભામાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતાં. અધ્યક્ષશ્રી દ્વારા સૌ સભ્યશ્રીઓના આવકાર બાદ આગળની કાર્યવાહીની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હોદો | હાજર/ ગેરહાજર |
|---|---|---|
| ડૉ. શ્રી.સી.બી.જાડેજા<br>માન. કુલપતિશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | અધ્યક્ષશ્રી | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજ્ય,<br>ગાંધીનગર. | સભ્યશ્રી | ગેરહાજર |
| ડૉ.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>ડીનશ્રી, શિક્ષણ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ.પી.એસ.હિરાણી,<br>ડીનશ્રી, કોમર્સ વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| શ્રી અજય ગઢવી,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | ગેરહાજર |
| શ્રી શ્રવણસિંહ વાઘેલા,<br>કોર્ટના ચૂંટાયેલા સભ્યશ્રી,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. એસ.જી.ધર્માણી,<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ આર્ટસ એન્ડ સાયન્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડૉ. મનીષ પંડયા<br>સલંગ્ન કોલેજના આચાર્યશ્રી,<br>તોલાણી કોલેજ ઓફ કોમર્સ,<br>આદિપુર–કચ્છ. | સભ્યશ્રી | હાજર |

| | | |
|---|---|---|
| ડો. એમ.જી.ઠક્કર.<br>પ્રોફેસર, વિજ્ઞાન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ડો. કે.એમ.ત્રિવેદી<br>રીડર, વિનયન વિદ્યાશાખા,<br>કે.એસ.કે.વી.કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સભ્યશ્રી | હાજર |
| ..............................<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ..............................<br>માનનીય કુલાધિપતિશ્રીના પ્રતિનિધિશ્રી, | સભ્યશ્રી | ખાલી |
| ડો.શ્રી.ડી.એમ.બકરાણીયા,<br>કાર્યકારી કુલસચિવશ્રી, કે.એસ.કે.વી. કચ્છ યુનિવર્સિટી,<br>ભુજ–કચ્છ. | સેક્રેટરીશ્રી | હાજર |

## –મુદાઓ –

*એજન્ડા*

૧. તા.૦૪/૦૮/૨૦૧૭ની મિનિટસનું વાંચન અને બહાલી

(નોંધઃ– ગત તારીખ ૦૪/૦૮/૨૦૧૭ના રોજની સભાની મિનિટસ નોંધનું વાંચન અને બહાલી બાબત.)

**ઠરાવઃ– ૧. તા.૦૪/૦૮/૨૦૧૭ના રોજની ગત સભાની મિનિટસ નોંધના નીચે મુજબના ઠરાવોમાં સુધારા ઠરાવવામાં આવ્યા.**

**–ઠરાવ નં.૮ અંગે સભ્યશ્રીઓ દ્વારા સુચવવામાં આવ્યા મુજબ જે–તે કર્મચારીઓને છમાસની મુદત માટે પુનઃકરાર કરાર કરવા થયેલ આદેશને રદ કરી તેના સ્થાને જે–તે કર્મચારીઓને અગાઉની સેવા માટે થયેલ કરારની મુદત મુજબ જ તા.૦૫/૦૮/૨૦૧૭થી પુનઃકરાર કરી ત્યારબાદ ક્રમશઃ કરાર લંબાવવા.**

**–ઠરાવ નં.૧૦ અન્વયે ચર્ચાને અંતે નીચે દર્શાવેલ અધ્યાપકશ્રીઓ દ્વારા નિમણુંક હુકમ અને પગાર બાંધણી અંગે કરેલી રજુઆતને ધ્યાને પગાર વધારા નિર્ધારણ સમિતિએ સુચવ્યા મુજબનો પગાર જે–તે કર્મચારીને ઓગષ્ટ–૨૦૧૭થી (પેઇડ ઇન સપ્ટેમ્બર–૨૦૧૭) ચુકવવા અને ઉપરોક્ત ઠરાવ–૮ માં નિશ્ચિત થયા મુજબ જે કર્મચારીને પુનઃકરાર કરવાનો થતો હોય તેઓને તા.૦૫/૦૮/૨૦૧૭થી પુનઃકરાર કરી ત્યારબાદ ક્રમશઃ કરાર લંબાવવા.**

**–ગત તા.૦૧/૦૮/૨૦૧૬ ની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.૮ મુજબ સ્પોર્ટસ કો–ઓર્ડિનેટરશ્રી, એન.એન.એસ. કો–ઓર્ડિનેટરશ્રીના માનદ મળતર અંગે થયેલ ઠરાવ અન્વયે પગાર વધારા નિર્ધારણ સમિતિને મળતર નકિક કરી નિર્ણય લેવા સર્વાનુમતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨. સંસ્કાર ઇન્સ્ટીટયુટ, ભુજ ખાતેના બી.કોમ. ઓનર્સ અભ્યાસક્રમ પેટે જમાં કરેલ રકમ રૂા.૧૨ લાખની ડીપોઝીટ કોલેજને પરત કરવા બાબત.(પરિશિષ્ટ–૧)
(નોંધઃ– કોલેજ શરૂ કરાવ માટે મળેલ રજુઆત અન્વયે થયેલ સ્થળ તપાસના અહેવાલના અનુસંધાને સદર સંસ્થાને સરકારશ્રીના નિયમાનુસાર સદર કોલેજનું પોતાની માલિકીનું મકાન ન હોવાથી સરકારશ્રીના પરીપત્રના અનુસંધાને રૂા.૧૨ લાખ ડિપોઝીટ પેટ જમાં કરાવવા જણાવવામાં આવેલ જે મુજબ સંસ્થાએ ડીપોઝીટ જમાં કરાવેથી કોલેજ શરૂ કરવા માટે સૈધ્ધાંતિક મંજુરી આપવામાં આવેલ. આ સંસ્થા દ્વારા તા.૨૮/૦૬/૨૦૧૭ ના રોજ ભાડા કરારના પુરાવા સાથે ડીપોઝીટ પરત મેળવવા માટે રજુઆત કરેલ છે. જે અંગે ચર્ચા–વિચારણા, નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૨. સંસ્કાર ઇન્સ્ટીટયુટ, ભુજ દ્વારા રૂા.૧૨ લાખ ડીપોઝીટ પરત લેવા અંગે કરેલ રજુઆત અન્વયે સંસ્થા દ્વારા તા.૧૬/૦૩/૨૦૧૭ના રોજના એલ.આઇ.સી.ના અહેવાલ સાથે સામેલ અને તા.૨૮/૦૬/૨૦૧૭ ના રોજ રજુ કરેલ ભાડા કરાર ભિન્ન છે. આથી, ટ્રસ્ટના માલિકી અંગેના ભાડા કરારની ચેરીટી કમિશ્નરશ્રીની મંજુરી મેળવેલ છે કે કેમ? તે અંગે સ્પષ્ટતા મેળવવા સંસ્કાર ઇન્સ્ટીટયુટને જણાવવા સર્વાનુમતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૩. શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતુ, મુંબઇ સંચાલિત શેઠ પ્રતાપસિંહ શુરજી નામની કાયદાની નવી કોલેજની જોડાણને માન્યતા બાબત.(એલ.આઇ.સી. રીપોર્ટ અને આર્થિક સધ્ધરતાં ને ધ્યાને લેવા બાબત.) (પરિશિષ્ટ–૨)
(નોંધઃ– ઉપરોકત નામની લો કોલેજ શરૂ કરવા માટે સંસ્થાની મળેલ અરજીના અનુસંધાને સ્થાનિક તપાસ સમિતિની રચના કરવામાં આવેલ હતી. સમિતિની સ્થળ તપાસ બાદ સમિતિના રીપોર્ટ મુજબ સંસ્થાની આર્થિક સધ્ધરતાં/નાણાંકિય પરિસ્થિતિ ચકાસવાના રીમાર્કર્સના અનુસંધાને છેલ્લા ત્રણ વર્ષના ઓડિટ રીપોર્ટ કોલેજ દ્વારા મોકલવામાં આવેલ છે. જે મુજબ અંતિમ વર્ષ–૨૦૧૬–૧૭ માં સંસ્થાની જમા બેલેન્સ રૂા.૦૪,૧૭,૯૩૭/– છે જયારે સંસ્થા દ્વારા લેવાયેલ લોનની રકમ રૂા.૨૧,૫૯,૫૦૪/= હોઇ ચર્ચા–વિચારણા, નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૩. શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતુ, મુંબઇ સંચાલિત શેઠ પ્રતાપસિંહ શુરજી નામની કાયદાની કોલેજની જોડાણની માન્યતા અન્વયે આવેલ એલ.આઇ.સી. અહેવાલના અનુસંધાને સંસ્થાની આર્થિક સધ્ધરતા ધરાવતી ન હોઇ લો કોલેજ શરૂ કરવા માટેની જોડાણની માન્યતા નહિ આપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૪. યુનિવર્સિટીના જુદા–જુદા અભ્યાસક્રમોમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીઓને પદવીદાનમાં સુવર્ણચંદ્રક એનાયત કરવા થતાં ખર્ચ માટે જુદી–જુદી વ્યકિત/સંસ્થાઓ પાસેથી યોગદાન મેળવવાની મંજુરી બાબત. (પરિશિષ્ટ–૩)
(નોંધઃ– અગાઉની એકિઝકયુટીવ કાઉન્સીલમાં મંજુર થયેલ અનુદાનની રકમમાં ફેરફાર કરવાનો હોવાથી માન.કુલપતિશ્રી દ્વારા સુચવ્યા મુજબની રકમ અનુદાન મેળવવા ચર્ચા–વિચારણા નિર્ણય અર્થે)

**ઠરાવઃ– ૪. કચ્છ યુનિવર્સિટીના જુદા–જુદા અભ્યાસક્રમમાં પ્રથમ સ્થાન મેળવનાર વિદ્યાર્થીને પદવીદાનમાં સુવર્ણચંદ્રક એનાયત કરવા થતાં ખર્ચ માટે યોગદાન મેળવવા, યોગદાનની રકમ અને મુદત નિર્ધારણ કરવા, સુવર્ણચંદ્રક એનાયત કરવાના નિયમો નિર્ધારણ કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની**

સમિતિ રચવામાં આવી. આ સમિતિએ આખરી કરેલ નિયમોની નકલ કુલસચિવશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડો.દર્શનાબેન ધોળકીયા | અધ્યક્ષશ્રી |
| ૨ | ડો.પી.એસ.હિરાણી | સભ્યશ્રી |
| ૩ | ડો.કે.એમ.ત્રિવેદી | સભ્યશ્રી |

૫. સમાજવિદ્યા અને આર્કિયોલોજી વિષયમાં વ્યાખ્યાતાઓને વ્યાખ્યાન આપવા આમંત્રણ આપવાં અંગે. (તા.૧૮/૦૯/૨૦૧૭ના રોજ યોજાયેલ ઇન્ટરવ્યું સંદર્ભે)
(નોંધ:– સમાજશાસ્ત્ર અને આર્કિયોલોજી વિભાગમાં નિયમિત અધ્યાપકો ન હોવાથી તા.૧૪/૦૯/૨૦૧૭ ના રોજ 'દિવ્ય ભાસ્કર' દૈનિકમાં જાહેર ખબર આપી તા.૧૮/૦૯/૨૦૧૭ ના રોજ ઇન્ટરવ્યું ગોઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઇન્ટરવ્યું બાદ પસંદગી પામેલ ઉમેદવારોને વ્યાખ્યાન આપવા આમંત્રણ આપવા બાબત.)

**ઠરાવ:– ૫. સમાજવિદ્યા અને આર્કિયોલોજી વિષય માટે આ વિભાગોની વ્યાખ્ય જરૂરીયાત અનુસાર સમિતિએ પસંદ કરેલ ઉમેદવારોને વ્યખ્યાન આપવા આમંત્રિત કરવાની કાર્યવાહી વિભાગ અધ્યક્ષશ્રીએ હાથ ધરવા સર્વાનુમત ઠરાવવામાં આવ્યું.**

૬. વર્ષ ૨૦૧૭–૧૮ ની શિક્ષણ વિભાગ અને સ્પોર્ટસ્ ઓથોરીટી ઓફ ગુજરાતની ગ્રાન્ટ બાબત.

**ઠરાવ:– ૬. વર્ષ–૨૦૧૭–૧૮ ની શિક્ષણ વિભાગ અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાતની મળેલ ગ્રાન્ટના સુચારૂ અને નિયમાનુસારના ઉપયોગ માટે સ્પોર્ટસ યુનિવર્સિટી અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ખાતે કાર્ય કરતાં તજજ્ઞશ્રીઓને યુનિવર્સિટી ખાતે સ્થળ મુલાકાત અને માર્ગદર્શન મેળવવા આમંત્રિત કરવા, યુનિવર્સિટી ખાતે કાર્યરત વર્તમાન કન્સલ્ટન્ટ પૈકી કોઇ એકને પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકેની નિમણુંક પ્રક્રિયા હાથ ધરવા, ગ્રાન્ટ યુટીલીટીની શરતોનો સ્વીકાર કરવા અને યુનિવર્સિટી દ્વારા આપવાના થતા ૭૦/૩૦ મુજબના હિસ્સાની રકમ સરકારશ્રીમાંથી મેળવવાની કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૭. કોન્ટ્રાકચ્યુલ સ્ટાફને મેટરનીટી લીવ આપવા બાબત.

**ઠરાવ:– ૭. કોન્ટ્રાકચ્યુલ કર્મચારીશ્રીઓની પ્રસુતિની રજાઓ લીવ વિધાઉટ પે તરીકે મંજુર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૮. યુનિવર્સિટીના બ્યુટીફિકેટશનની નવી જરૂરીયાત બાબત.

**ઠરાવ:– ૮. કચ્છ યુનિવર્સિટીના બ્યુટીફિકેશનની કામગીરી સંદર્ભે જે–જે નવી જરૂરીયાતો ઉભી થાય તે બાબતે કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૯. યુ.જી.સી.ની માર્ગદર્શિકા મુજબ યુનિવર્સિટી ખાતે વહિવટી સરળતા અને સુગમતા માટેના તમામ સેલની રચના બાબત. (પરિશિષ્ટ–૪)

**ઠરાવ:– ૯. યુ.જી.સી.ની માર્ગદર્શિકા મુજબ કચ્છ યુનિવર્સિટી ખાતે વહિવટી સરળતા અને સુગમતા માટેના તમામ સેલની રચના કરવા અન્વયે સદર જવાબદારી ડો.વિજય વ્યાસ, પ્રોફેસર, કોમર્સ એન્ડ મેનેજમેન્ટ વિભાગને સોપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૦. ડેટા એન્ટ્રી ઓપરેટર; સીનીયર ડેટા એન્ટ્રી ઓપરેટરને બાકી રહેલ ટ્રાવેલીગ એલાઉન્સની રકમ અનુક્રમે રૂા.૭૮૬૩/–, રૂા.૨૦૯૬૭/– ચુકવવા બાબત.(પરિશિષ્ટ–૫)
(નોંધ:– કચ્છ યુનિવર્સિટીના ડે.એ.ઓ. અને સીની.ડે.એ.ઓ. દ્વારા ટ્રાવેલીગ એલાઉન્સ ચુકવવાનો બાકી રહેલ હોઇ આ બાબતે કરેલ અરજીના અનુસંધાને તા.૦૯/૦૨/૨૦૧૭ ના રોજની એક્ઝિક્યુટીવ કાઉન્સીલના ઠરાવ નં.–૧૯થી ફેબ્રુઆરી–૨૦૧૭ થી ટ્રાવેલીગ એલાઉન્સ મંજુર કરવામાં આવેલ. આ કર્મચારશ્રીઓની નિમણુંક ના સમયથી એકાઉન્ટ વિભાગ દ્વારા ચુકવવાનું બાકી રહી ગયેલ હોઇ સપ્ટેમ્બર–૨૦૧૨ થી જાન્યુઆરી–૨૦૧૭ સુધીનું ચુકવવાનું રહે છે તે ચર્ચા–વિચારણા, નિર્ણય અર્થે)

**ઠરાવ:– ૧૦. કચ્છ યુનિવર્સિટીના વર્ગ–૩ ના સીની.ડેટા એન્ટ્રી ઓપરેટર અને ડેટા એન્ટ્રી ઓપરેટરના ટ્રાવેલીગ એલાઉન્સની બાકી રહેતી રકમ ચુકવવા સંદર્ભે થયેલ ચર્ચા મુજબ ગ્રાન્ટ ઇન એઇડ કોલેજના તથા અન્ય યુનિવર્સિટીઓમાં પણ ટ્રાવેલીગ એલાઉન્સ ચુકવાતું ન હોય તે અંગેની ચર્ચાને અંતે આ બાબત અભ્યાસ અર્થે હાલ પુરતુ મુલતવી રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૧. ડુપ્લીકેટ માર્કસીટ મેળવવા આવનાર વિદ્યાર્થીઓ માટે પ્રક્રિયા નકિક કરવા બાબત.

**ઠરાવ:– ૧૧. કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને ડુપ્લીકેટ માર્કસીટ મેળવવા એફિડેવિટ રજુ કરવાની રહેશે તથા એફિડેવિટનો નમુનો પરીક્ષા નિયામકશ્રીએ તૈયાર કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૨. માર્કસીટમાં નામ સુધારા/ફેરફાર માટે જે–તે નામમાં સુધારા/ફેરફાર ગેઝેટ્માં પ્રસિધ્ધ થયા બાદ જ યુનિવર્સિટીના રેકર્ડમાં ગેઝેટ પ્રસિધ્ધિની તારીખ બાદના જ રેકર્ડમાં અસર આપવા અને ગેઝેટ પ્રસિધ્ધ થયાના પહેલાંના રેકર્ડ યથાવત રાખવા બાબત.

**ઠરાવ:– ૧૨. કચ્છ યુનિવર્સિટીમાં નામ સુધારા/ફેરફાર માટે જે–તે નામમાં સુધારા/ફેરફાર ગેઝેટ્માં પ્રસિધ્ધ થયા બાદ જ યુનિવર્સિટીના રેકર્ડમાં ગેઝેટ પ્રસિધ્ધિની તારીખ બાદના જ રેકર્ડમાં અસર આપવા અને ગેઝેટ પ્રસિધ્ધ થયાના પહેલાંના રેકર્ડ યથાવત રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૩. પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ઉપયોગમાં લેવાયેલ ઉતરવહીના નિકાલ અન્વયે સમયાવધિ નકિક કરવા બાબત.

ઠરાવઃ– ૧૩. કચ્છ યુનિવર્સિટીની જુદા–જુદા અભ્યાસક્રમની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ઉપયોગમાં લેવાયેલ ઉતરવહીના નિકાલ અન્વયે સમયાવધિ નકિક કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિ રચવામાં આવી. આ સમિતિએ યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ અન્ય પસ્તી અને નિકાલ યોગ્ય દફતરના નિયમો નકકી કરી તેની નકલ કુલસચિવશ્રીને સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧ | ડો.કે.એમ.ત્રિવેદી | અધ્યક્ષશ્રી |
| ૨ | ડો.તેજલ શેઠ | સભ્યશ્રી |
| ૩ | શ્રી દેવજી છાંગા | સભ્યશ્રી |

૧૪.બાંધકામ શાખાની રજુ થયેલ બાબતો.

ઠરાવઃ–૧૪/૧. ઉપરોકત ઠરાવક્રમાંકઃ–૬ મુજબ

ઠરાવઃ– ૧૪/૨. ગુજરાત સરકાર દ્વારા નવીનીકરણ સમારકામ અને સુધારાવધારા માટે વર્ષ–૨૦૧૭–૧૮ હેડમાં મળેલ ગ્રાન્ટ અંતર્ગત પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિમણુંક આપવા બાબતે યુનિવર્સિટી ખાતે કાર્યરત વર્તમાન કન્સલ્ટન્ટ પૈકી કોઇ એકને પ્રોજેકટ મેનેજમેન્ટ કન્સલ્ટન્ટ તરીકે નિમણુંક પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ– ૧૪/૩. કચ્છ યુનિવર્સિટીના બ્યુટીફિકેશનની કામગીરી સંદર્ભે લેન્ડ સ્કેપીગ પ્રોજેકટ અંતર્ગત યુનિવર્સિટીની મેઇન એન્ટ્રીમાં (સેન્ટ્રલ બુલયાર્ડ) ઘોડા ઘાસને બદલે કારપેટ લોનની કામગીરી કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ– ૧૪/૪. કચ્છ યુનિવર્સિટીના કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર તરફથી મ[illegible] ગ્રાન્ટ અંતર્ગત વિવિધ કામ ચાલુ છે. આ કામ માટે શ્રી નવીન કે.ઓઝા, એન્જિનિયરશ્રી, એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાની કચ્છ યુનિવર્સિટીના ટેકનિકલ એડવાઇઝર તરીકે કચ્છ યુનિવર્સિટી વતી નિમણૂંક કરવામં આવેલ છે. જેથી આ માટે એમ.એસ.યુનિવર્સિટી, વડોદરાને ચુકવવાનો થતો કન્સલ્ટન્સી ચાર્જ નકકી કરવાની સતા માનનીય કુલપતિશ્રીને સોપવા અને તે મુજબ કન્સન્ટન્સી ચાર્જ ચુકવવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

ઠરાવઃ– ૧૪/૫. કચ્છ યુનિવર્સિટી ખાતે ચાલુ સ્પોર્ટસ કોમ્પલેકસની કામગીરી અંતર્ગત ઇન્સ્યુલેશન મટીરીયલની કામગીરી કરાવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

૧૫. યુનિવર્સિટીમાં નિમણુંક પામેલ કર્મચારીશ્રીઓનો આજમાયશી સમયગાળો પૂર્ણ થતાં લાંબાગાળાની નિમણુંક આપવા બાબત.

**ઠરાવ:– ૧૫. કચ્છ યુનિવર્સિટીમાં નિમણુંક પામેલ કર્મચારીશ્રીઓનો આજમાયશી સમયગાળો પૂર્ણ થતાં લાંબાગાળાની નિમણુંક આપવા બાબતે કર્મચારશ્રીઓનો કાર્ય સમીક્ષા અહેવાલ મંગાવવો અને આઇક્યુએસી દ્વારા તેની સમીક્ષાને આધારે અને જો કર્મચારી આઇક્યુએસીમાં કાર્યરત હોય તો કુલસચિવશ્રી દ્વારા સમીક્ષાના આધારે લાંબગાળાની નિમણુંકનો આદેશ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૬. જી.આઇ.પી.એલ. કંપની દ્વારા અપાયેલ એજ્યુકેશનલ ઇ.આર.પી. સોલ્યુશન બાબત. (પરિશિષ્ટ–૮) (નોંધ:– વર્ષ–૨૦૦૭–૦૮ થી એમ.કે.સી.એલ. સાથેનું યુનિવર્સિટીના ડીઝિટીલાઇઝેશન પ્રોજેક્ટ અન્વયે થયેલ એમ.ઓ.યુ. અન્વયે સ્ટુડન્ટ સર્વિસીસ અને એક્ઝામિનેશન સોલ્યુશન (ઇ–સુવિધા) અન્વયે ઉદ્ભવતા પ્રશ્નોનો યોગ્ય સમયે યોગ્ય નિકાલ થતો ન હોવા અંગે પરીક્ષા નિયામકશ્રી/ સિસ્ટમ ઇજનેરશ્રીની ફરીયાદો અન્વયે જી.આઇ.પી.એલ. કંપનીને અપનાવવા ચર્ચા–વિચારણા, નિર્ણય અર્થે)

**ઠરાવ:– ૧૬. કચ્છ યુનિવર્સિટીના ડીઝિટીલાઇઝેશન પ્રોજેક્ટ અન્વયે સ્ટુડન્ડ સર્વિસીસ અને એક્ઝામિનેશન સોલ્યુશન (ઇ–સુવિધા) અન્વયે જી.આઇ.પી.એલ. કંપની સાથે કોન્ટ્રાકટ કરવાની કાર્યવાહી આગળ વધારવી અને હાલમાં અસ્તિત્વમાં રહેલ એમ.ઓ.યુ. અંતગર્ત એમ.કે.સી.એલ. પાસેથી સમગ્ર કાર્યકાળ દરમ્યાનનો ડેટા બનતી ત્વરાએ મેળવવા ડો.અમર મહેતા, સીસ્ટમ ઇજનેરશ્રીએ કાર્યવાહી હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**———અધ્યક્ષ સ્થાનેથી રજુ થયેલ મુદાઓ———**

૧૭. અધ્યાપકોની ભરતી પ્રક્રિયા માટેના પ્રોફેસરની જગ્યા માટે ગુણાંકન પત્રક, ગુણાંકન યોજના નકિક કરવા બાબત.

**ઠરાવ:– ૧૭. કચ્છ યુનિવર્સિટીમાં અધ્યાપકોની ભરતી પ્રક્રિયા માટેના પ્રોફેસરની જગ્યા માટે ગુણાંકન પત્રક, ગુણાંકન યોજના અન્વયે ઉપયોગમાં લેવામાં આવેલ રૂપરેખાને ગ્રાહય રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૮. લાઇબ્રેરી કમિટીની મિનીટસની બહાલી બાબત.

**ઠરાવ:– ૧૮. લાઇબ્રેરી કમિટીની તા.૧૨/૦૯/૨૦૧૭ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે યોજાયેલ સભાની મિનિટસ નોંધને વંચાણે લઇ બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૧૯. તા.૨૭/૦૯/૨૦૧૭ તથા તા.૨૮/૦૯/૨૦૧૭ ના યોજાયેલ પ્રોફેસર તથા આસી. પ્રોફેસરના વરણી પ્રક્રિયાને બહાલ અંગે.

ઠરાવઃ– ૧૯. તા.૨૭/૦૯/૨૦૧૭ તથા તા.૨૮/૦૯/૨૦૧૭ ના રોજ યોજાયેલ પ્રોફેસર તથા આસી.પ્રોફેસરની નિમણૂંક માટેની વરણી પ્રક્રિયાને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું. પસંદગી પામેલ ઉમેદવાર સિવાય ના ઉમેદવારનું વેઇટીંગ લીસ્ટ પસંદગી પામેલ ઉમેદવારના હાજર થયાના ત્રણ મહિના બાદ આપોઆપ રદ ગણાશે. વરણી સમિતિની પ્રક્રિયા બાદ નીચે મુજબના ઉમેદવારો દર્શાવેલ જગ્યાઓ માટે પસંદગી પામેલ છે.

| ક્રમ | વિષયનું નામ | જગ્યાનું નામ | કેટેગરી | ઉમેદવારનું નામ |
|---|---|---|---|---|
| ૧ | સમાજશાસ્ત્ર | આસિ. પ્રોફેસર | જનરલ | ડો. જયદેવસિંહ ભુપેન્દ્રસિહ રાયજાદા |
| ૨ | મનોવિજ્ઞાન | આસિ. પ્રોફેસર | એસઇબીસી. | ડો.જીજ્ઞેશ હરીદાન ટાપરીયા |
| ૩ | અર્થશાસ્ત્ર | આસિ. પ્રોફેસર | એસ.ટી. | શ્રી આશિષકુમાર રૂપજીભાઇ વસાવા |
| ૪ | રસાયણશાસ્ત્ર | આસિ. પ્રોફેસર | જનરલ | ડો.ચીરાગ ભુપેન્દ્રભાઇ પટેલ |
| ૫ | અર્થ એન્ડ એન્વા. સાયન્સ | આસિ. પ્રોફેસર | જનરલ | ૧.ડો.ગૌરવ દિપકભાઇ ચૌહાણ<br>૨.ડો.સીમા શર્મા |

રસાયણશાસ્ત્ર અને અર્થ એન્ડ એન્વાયરોન્મેન્ટ સાયન્સમાં પ્રોફેસર માટેના ઉમેદવારો પૈકી એક પણ ઉમેદવાર પસંદ થયેલ ન હોઇ તે બન્ને વિષયમાં પ્રોફેસરની જગ્યા ખાલી રહેલ છે.

૨૦. કચ્છ યુનિવર્સિટીના જુદા-જુદા વિભાગો ખાતે રહેલ રેકર્ડની જાળવણી અને નિકાલ બાબત.

ઠરાવઃ– ૨૦. કચ્છ યુનિવર્સિટીની જુદા-જુદા વિભાગો ખાતે રહેલ રેકર્ડની જાળવણી અને નિકાલ અન્વયે સમયાવધિ નકિક કરવા નીચે મુજબના સભ્યશ્રીઓની સમિતિ રચવામાં આવી. આ સમિતિએ યુનિવર્સિટી ખાતે રેકર્ડની જાળવણી અને નિકાલ કરવાના સમયાવધિ અને નિયમો નકકી કરી તેની નકલ કુલસચિવશ્રીને એક માસમાં સોંપવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | નામ | હોદો |
|---|---|---|
| ૧. | ડો.કે.એમ.ત્રિવેદી | અધ્યક્ષશ્રી |
| ૨. | ડો.તેજલ શેઠ | સભ્યશ્રી |
| ૩. | શ્રી દેવજી છાંગા | સભ્યશ્રી |

૨૧. કચ્છ યુનિવર્સિટીના ૨૦૧૭ ના યુથ ફેસ્ટીવલ અન્વયે થયેલ ખર્ચ બાબત.

**ઠરાવઃ– ૨૧.** **કચ્છ યુનિવર્સિટીના તા.૩૦/૦૮/૨૦૧૭ ના રોજ યોજાયેલ ૧૪માં યુવક મહોત્સવ અંતગર્ત થયેલ અંદાજિત કુલ ખર્ચ રૂ.૩,૭૦,૦૦૦/– અંકે રૂપિયા ત્રણ લાખ સીતેર હજારને બહાલ રાખવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૨. તમામ પ્રકારની ફિ સ્વીકારવા બાબત.

**ઠરાવઃ– ૨૨.** **કચ્છ યુનિવર્સિટીના કેસલેસ પ્રોજેકટ અન્વયે યુનિવર્સિટીમાં સ્વીકારવામાં આવતી જુદા–જુદા પ્રકારન ફિ બાબતે એક્ઝિકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓની થયેલ ચર્ચા અને વિચારણા બાદ તમામ પ્રકારની ફિ ઓનલાઇન ટ્રાન્ઝેકશન દ્વારા, આર.ટી.જી.એસ. દ્વારા, ચેક દ્વારા સ્વીકારવી અને તે અંગેની કામગીરી યુનિવર્સિટીના જે–તે વિભાગ દ્વારા ચલણ બનાવવાથી માંડીને ફિ જમાં થાય ત્યાં સુધીની પ્રક્રિયા હાથ ધરવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

૨૩. તમામ પ્રકાર ફોર્મ સ્વીકારવાની અવધિ બાબત.

**ઠરાવઃ– ૨૩.** **કચ્છ યુનિવર્સિટીના વિસ્તારને ધ્યાને તમામ પ્રકારના ફોર્મ સ્વીકારવા બાબતે એક્ઝિકયુટીવ કાઉન્સીલના સભ્યશ્રીઓની થયેલ ચર્ચા અને વિચારણા બાદ વખતો–વખત થતાં પરીપત્રોમાં દર્શાવેલ તારીખ સુધી જે–તે સંસ્થા કે કોલેજ ફોર્મ સ્વીકારે તે અનિવાર્ય છે પરતું વહિવટી પ્રક્રિયાના ભાગરૂપે પરીપત્રમાં દર્શાવેલ તારીખ બાદ પાંચ દિવસ સુધીમાં જે–તે સંસ્થા કે કોલેજ દ્વારા યુનિવર્સિટી ખાતે રજુ કરવામાં આવે તો તે સ્વીકારવા સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.**

**અન્ય કોઇ મુદો ઉપસ્થિત ન થતાં હવે પછીની સભા તા.૦૯/૧૦/૨૦૧૭ રોજ ૦૩.૦૦ કલાકે યોજવાની હાજર રહેલ તમામ સભ્યોની સહમતી સાથે અધ્યક્ષશ્રીના આભાર સાથે સભા પૂર્ણ જાહેરકરવામાં આવી.**

આપનો વિશ્વાસુ

**કુલસચિવ(ઇ.ચા.)**

નકલ સવિનય રવાનાઃ– માન.કુલપતિશ્રીના કાર્યાલય તરફ.

તા.૦૬/૧૦/૨૦૧૭